# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJARAT DAM STHITI

રાજ્યમાં વરસી રહેલા વરસાદના કારણે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ 55 ટકાને પાર પહોંચ્યો છે. આ ઉપરાંત રાજ્યના કુલ 206 જળાશયમાં કુલ સંગ્રહશક્તિના 37.87 ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ જળસંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

આજે સવારે 8 વાગ્યાના અહેવાલ મુજબ, રાજ્યના 16 જળાશય સંપૂર્ણ છલકાઈ ગયા છે. જામનગર જિલ્લાના વાગડીયા, સસોઈ-2, ફૂલઝર-1, રૂપારેલ, ઊંડ-3, ફૂલઝર-2, ડાય-મિનસર, વોડીસંગ ડેમ, પોરબંદરના અડવાણા, કાલીન્દ્રી, સોરઠી અને ફોદારનેશ ડેમ, દેવભૂમિદ્વારકાના સિંધાણી, સુરેન્દ્રનગરના વાંસલ, કચ્છના કાલાઘોઘા તથા રોજકોટ જિલ્લાના ફોફળ-1 ડેમ 100 ટકા ભરાતા હાઈ અલર્ટ અપાયું છે.

આ ઉપરાંત રાજ્યના 36 ડેમ 70 ટકાથી 100 ટકા ભરાતા અલર્ટ અપાયું છે. જ્યારે સરદાર સરોવર સહિત 25 ડેમ 50થી 70 ટકા ભરાતા ચેતવણી આપવામાં આવી છે. તો 52 ડેમ 25થી 50 ટકા ભરાયા છે. જ્યારે સૌરાષ્ટ્રના 141 જળાશયમાં 42.09 ટકા જળસંગ્રહ થયો છે.

રાજકોટ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઇજનેરની યાદીમાં જણાવાયું કે ધોરાજીના ભાદર-2 ડેમના 2 દરવાજા 0.22 મીટર ખોલવામાં આવ્યા છે, આથી ડેમના હેઠવાસ વિસ્તારમાં આવેલા ભોળા, ભલગામડા, છાડવાવદર, સુપેડી, ડ્રમીયાણી, ચીખલીયા, સમઢીયાળા, ગણોદ, ભીમોરા, ગાધા, હાડફોડી, ઈસરા, કુંડેચ, લાઠી મજેઠી, લાઠ, નીલાખા અને તલંગાણા ગામોના નીલાખા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા, માલ મિલકત

તથા પશુધનને ત્યાં ન લઈ જવા તથા સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

-----------------

# GUJARAT RAIN DATA

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં દેવભૂમિદ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં સૌથી વધુ 15 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે પોરબંદર તાલુકામાં 10થી વધુ, જુનાગઢના કેશોદમાં 8 ઈંચથી વધુ અને વંથલી તાલુકામાં સાત ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત દેવભૂમિદ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં અને વલસાડના ઉમરગામ તાલુકામાં 6 ઈંચથી વધુ, જ્યારે દ્વારકાના ખંભાળિયા, પોરબંદરના રાણાવાવ તેમ જ વલસાડ તાલુકામાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયા હોવાના અહેવાલ છે.

રાજ્યના સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટરના અહેવાલ મુજબ, આજે સવારે 6 વાગ્યાની સ્થિતિએ રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ 37 ટકાથી વધુ નોંધાયો છે. આમાંથી સૌરાષ્ટ્ર ઝોનમાં મોસમનો સૌથી વધુ 54 ટકા વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કચ્છ ઝોનમાં મોસમનો કુલ 50, દક્ષિણ ગુજરાતમાં 39, ઉત્તર ગુજરાતમાં 23 ટકા તેમ જ પૂર્વ-મધ્ય ગુજરાતમાં 23 ટકા વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત રાજ્યના આશરે 19 જેટલા તાલુકામાં એક ઈંચથી વધુ અને 78 તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAIN DATA

ગાંધીનગર સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટરના અહેવાલ મુજબ, રાજ્યમાં આજે સવારે 6 વાગ્યાથી 12 વાગ્યા દરમિયાન 61 તાલુકામાં વરસાદ નોંધાયો છે. આમાંથી સૌથી વધુ સવા છ ઇંચ વરસાદ દેવભૂમિદ્વારકાના દ્વારકા તાલુકામાં, જ્યારે ગીરસોમનાથના પાટણ-વેરાવળમાં સાડા ત્રણ, તાલાળામાં સવા ત્રણ ઈંચ, જુનાગઢના જુનાગઢ તાલુકા અને શહેરમાં સવા 2 ઇંચ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંતના તાલુકામાં 2 ઈંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

--------

## RAIN RASTA VIJALI BANDH

રાજ્યમાં પડી રહેલા અવિરત વરસાદના કારણે વીજળી પુરવઠાને પણ અસર થઈ છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે, રાજ્યમાં 5 હજાર 298 જગ્યાએ વીજ પૂરવઠો ખોરવાયો હતો. આમાંથી 5 હજાર 275 જગ્યાએ વીજ પૂરવઠો ફરી શરૂ કરવામાં આવ્યો છે. આ સિવાયની 23 જગ્યા પર વીજ પુરવઠો પુનઃ શરૂ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

વરસાદના કારણે રાજ્યમાં 9 હજાર 904 ફીડરને અસર થઈ હતી આમાંથી 9 હજાર 677 ફીડરને પુનઃ કાર્યરત્ કરાયા છે. જ્યારે બાકીના 227 ફીડર શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

રાજ્યમાં આજે સવારે 9 વાગ્યે 24 કલાકની સ્થિતિએ રાજ્યમાં વરસાદના કારણે કુલ 193 રસ્તા બંધ થયા હતા. આમાંથી સૌથી વધારે 83 રસ્તા જુનાગઢમાં, જ્યારે પોરબંદરમાં 76 અને દેવભૂમિદ્વારકામાં 11 રસ્તા બંધ થઈ ગયા હતા. આ ઉપરાંત રાજ્યના સાત રાજ્ય ધોરીમાર્ગ પણ બંધ થઈ ગયા હતા.

-----------------